કોરોના વાયરસ (COVID-19) કારણે ઉદ્‌ભવેલ અસાધારણ પરિસ્થિતિમાં વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત આપવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક : જીયુવી-૧૨૨૦૨૦-૩૪૫-ક.૧
ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૭-૦૩-૨૦૨૦

**વંચાણે લીધા :-**

(૧) ભારત સરકારના ગૃહમંત્રાલયનો તારીખ ૨૪-૦૩-૨૦૨૦નો હુકમ ક્રમાંક : ૪૦-૩/૨૦૨૦-ડી.

**ઠરાવ :-**

કોરોના વાયરસ (COVID-19) કારણે ઉદ્‌ભવેલ અસાધારણ પરિસ્થિતિના કારણે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા "લોકડાઉન" ના આદેશો આપવામાં આવેલ છે. જેને કારણે વીજ ગ્રાહકોને વીજ બિલ ભરવામાં પડતી મુશકેલી તથા વેપાર / ધંધા / ઉદ્યોગો બંધ થતાં ન્યુનત્તમ વીજ બિલના ભારણને નિવારવા વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત આપવાની બાબત રાજ્ય સરકાર સમક્ષ વિચારણા હેઠળ હતી. પ્રસ્તુત બાબતે પુખ્ત વિચારણાને અંતે રાજ્ય સરકારે નીચે મુજબ ઠરાવેલ છે.

(૧) લોકડાઉન"ની પરિસ્થિતિને કારણે વીજ ગ્રાહકોને વીજ બિલ ભરવામાં પડતી મુશ્કેલીઓ નિવારવાનાં હેતુથી જે વીજ ગ્રાહકોને તારીખ ૦૧-૦૩-૨૦૨૦ થી તારીખ ૩૦-૦૪-૨૦૨૦ નાં સમયગાળામાં વીજ બીલ આપવામાં આવી રહેલ છે તેવા તમામ પ્રકારના વીજ ગ્રાહકો તારીખ ૧૫-૦૫-૨૦૨૦ સુધીમાં વીજ બીલ ભરી શકશે. તેમજ ઉપરોકત છૂટછાટનાં સમયગાળામાં વીજ વિતરણ કંપનીઓ દ્વારા વીજ કનેકશન કાપવાના રહેશે નહીં કે કોઈ પણ પ્રકારના વિલંબિત ચૂકવણી ચાર્જની પણ વસૂલાત કરવાની રહેશે નહીં.

(૨) જે વેપાર/ ઉદ્યોગો લોકડાઉનનાં કારણે બંધ રહેશે તેવા વેપાર / ઉદ્યોગ પાસેથી તેઓના એપ્રિલ માસના બીલમાં minimum ચાર્જ એટલે કે Demand / fixed charges ની વસુલાત કરવાની રહેશે નહિં અને ફક્ત તેમણે કરેલ વપરાશ અનુસારનું જ બીલ આકારવાનું રહેશે અને આનો લાભ રાજ્યની તમામ વીજ વિતરણ કંપનીના તમામ ગ્રાહકોને આપવાનો રહેશે.

(૩) આ માટેનું નાણાકિય ભારણ જે તે વીજ વિતરણ કંપનીએ ભોગવવાનું રહેશે.

ગુજરાત રાજ્યનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રોનક મોદી)
ઉપસચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અંગતસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- માન. ઉર્જામંત્રીશ્રીનાં અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. ઉર્જામંત્રીશ્રી (રાજ્યકક્ષા) નાં અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. સંસદીય સચિવશ્રીઓનાં અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્યસચિવશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મેનેર્જીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટિડ, વડોદરા.
- મેનેર્જીંગ ડાયરેક્ટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટિડ, મહેસાણા.
- મેનેર્જીંગ ડાયરેક્ટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટિડ, રાજકોટ.
- મેનેર્જીંગ ડાયરેક્ટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટિડ, સુરત.
- મેનેર્જીંગ ડાયરેક્ટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટિડ, વડોદરા.
- એક્ઝિક્યુટીવ ડીરેકટરશ્રી, ટોરેન્ટ પાવર લીમીટિડ,ઝોનલ ઓફીસ, સોલા રોડ, નારણપુરા, અમદાવાદ.
- વિભાગની સર્વે શાખાઓ.
- ના. સે. અધિ. અંગત ફાઇલ.
- શાખા સીલેક્ટ ફાઇલ.